... ગાંધીનગર
૨૦૪૨
FEB 2016
૭૦૨

બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક વર્ગ-૪ કર્મચારી તરીકે બિનકુશળ શ્રમયોગીનું મળવાપાત્ર સંખ્યાબળ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવક્રમાંક: બમશ/૧૧૧૪/સી.સી.- ૨૮/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨/૨/૨૦૧૬.

વંચાણમાં લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧/૨૦૦૯/૩૬૦૦૭૧/ગ, તારીખ: ૨૬/૧૦/૨૦૦૯.

(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: બમશ/ ૧૧૦૯/ઓડી-૮/ગ, તારીખ: ૧/૮/૨૦૧૧.

(૩) સ્પે.સી.એ.નં- ૩૦૮૬/૨૦૧૪માં નામ. હાઇકોર્ટનો તારીખ: ૨૫/૩/૨૦૧૪નો ચુકાદો.

(૪) ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળની તારીખ:૧૩/૮/૨૦૧૩ની રજુઆત.

(૫) તારીખ: ૨/૧૦/૨૦૧૪ના રોજ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

આમુખ:-

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બિનશૈક્ષણિક કર્મચારી વર્ગ-૪નું સંખ્યાબળ તારીખ: ૨૬/૧૦/૨૦૦૯ના સંદર્ભ(૧) ઉપરના ઠરાવથી નક્કી કરવામાં આવેલ હતુ. જેમાં વિદ્યાર્થી દીઠ મળવાપાત્ર વર્ગ-૪ કર્મચારીનું સંખ્યાબળ ઓછુ જણાતા ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળે નામ. હાઇકોર્ટમાં સ્પે.સી.એ.નં-૩૦૮૬/૨૦૧૪ થી દાદ માંગેલ હતી. નામ. હાઇકોર્ટે તારીખ: ૨૫/૩/૨૦૧૪ના ચુકાદાથી પીટીશનર તરફી ચુકાદો આપેલ હતો જેમાં આદેશ કર્યા મુજબ ત્રણ સભ્યોને સાંભળીને કોર્ટનો હુકમ મળેથી ત્રણ અઠવાડિયામાં વિગતવાર નિર્ણય કરવાનો રહેતો હતો. આ બાબતે ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળે વિભાગને કરેલ વંચાણે લીધેલ સંદર્ભ (૪) ઉપરની તારીખ: ૧૩/૮/૨૦૧૩ની રજુઆત સંદર્ભે અધિક મુખ્ય સચિવશ્રી(શિક્ષણ)ની અધ્યક્ષતામાં સૂનાવણી રાખવામાં આવેલ હતી. અને રાજ્ય શાળા સંચાલક મહામંડળ ટ્રસ્ટના ચાર સભ્યોને નામ. હાઇકોર્ટના ચુકાદા અનુસાર તારીખ: ૨૮/૧૦/૨૦૧૪ના રોજ સાંભળવામાં આવેલ હતા. રાજ્ય શાળા સંચાલક મહામંડળ ટ્રસ્ટના સભ્યોને

સાંભળ્યા બાદ વર્ગ-૪ કર્મચારીના નોર્મ્સ માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પુખ્ત વિચારણાના અંતે બિનશૈક્ષણિક શ્રમયોગીઓની સેવાઓ નીચે મુજબની રહેશે.

| ક્રમ | શાળામાં વિદ્યાર્થી સંખ્યા | આઉટ સોર્સીંગ એજન્સી મારફત મળવાપાત્ર બિનકુશળ શ્રમયોગીઓની સંખ્યાની વિગત |
|---|---|---|
| ૧. | ૫૦૦ વિદ્યાર્થીઓ સુધી | ૧ |
| ૨. | ૫૦૧ થી ૧૦૦૦ વિદ્યાર્થીઓ સુધી | ૨ |
| ૩. | ૧૦૦૧થી ૧૫૦૦ વિદ્યાર્થીઓ સુધી | ૩ |
| ૪. | ૧૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓ સુધી | ૪ |

શરતો:-

(૧) ઉપર જણાવ્યા મુજબ શાળામાં વિદ્યાર્થી સંખ્યાને આધારે માનવબળની સેવાઓ મળવાપાત્ર થશે.

(૨) સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે મળવાપાત્ર માનવબળની સેવાઓ લેવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને દરખાસ્ત કરવાની રહેશે અને તેમની મંજુરી મળ્યેથી જિલ્લા કલેકટરશ્રી દ્વારા ટેન્ડર પધ્ધતિને આધારે નક્કી કરવામાં આવેલ એજન્સી પાસેથી ટેન્ડરની અને કરારની શરતોને આધિન સુવિધાઓ મેળવવાની રહેશે.

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સંસ્થા- જિલ્લા કલેકટર કચેરી અને એજન્સી વચ્ચે નોડલ અધિકારી તરીકે કાર્યવાહી કરવાની રહેશે અને સંસ્થા –શાળાઓમાં સુવિધા ઉપલબ્ધ થાય તે જોવાનું રહેશે.

(૪) બિનકુશળ શ્રમયોગીના વેતન અને અન્ય લાભો અંગેના કેન્દ્ર સરકારના અને રાજય સરકારના વૈધાનિક કાયદાઓ , નિયમો અને હુકમોનું અને કરારની શરતોનું પાલન શાળા/ સંસ્થાએ અને એજન્સીએ કરવાનું રહેશે.

(૫) પ્રાથમિક નોકરી દાતા (Principal Employer) તરીકે શાળાનું સંચાલક મંડળ રહેશે અને એજન્સી દ્વારા રજુ કરવામાં આવેલ બિલ ઉપર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના પ્રતિ હસ્તાક્ષર (counter Signature) મેળવી બિલ રજુ કર્યેથી સંસ્થાના નિભાવ અનુદાન તરીકે મંજુર કરવાનું રહેશે. સંસ્થા દ્વારા એજન્સીને ચુકવણી કરવાની રહેશે.

(૬) સંસ્થાના એક જ સંકુલ કે મકાન ( Compound / Building) માં એકથી વધુ

સંસ્થાઓ કે એકથી વધુ પાળીમાં (Shift) ચાલતી હોય ત્યાં ઉપર જણાવેલ માપદંડ મુજબનું વધારાનું માનવબળ મળી શકશે નહીં.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ: ૧૧/૧/૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ડી.બી.પંડ્યા)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

નામ. રાજ્યપાલના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી.શિક્ષણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર.
માન. રા.ક. મંત્રીશ્રી.પ્રા.,મા.અનેપ્રો.શિક્ષણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૨, સચિવાલય, ગાંધીનગર.
માન. રા.ક. મંત્રીશ્રી.ટેકનીકલ શિક્ષણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૨, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી.(નાણાં.)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી.(શિક્ષણ.)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી.(ટે.શિ.))ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, શાળાઓ,, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)
મહાલેખાકારશ્રી, અમદાવાદ /રાજકોટ/
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર,
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.(કમિશ્નરશ્રી.શાળાઓની કચેરી મારફતે)
એકઝામીનરશ્રી, લોકલફંડ ઓડિટ, ગાંધીનગર.
નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
સીલેકટ ફાઇલ.



ક્રમાંક:ઉમબ/ઉમા-૮/૯/૨૦૧૬/ 1536-69
કમિશ્નરશ્રી શાળાઓ ની કચેરી,
બ્લોક.નં.૯,ડૉ.જીવરાજમહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તા.૭/૨/૨૦૧૬

જાણ તથા અમલની કાર્યવાહી સત્વરે કરવા સારૂ.

6.2.2016
સંયુકત શિક્ષણ નિયામક
૧૦+૨ ખાસ ઘટક,
ગુ,રા, ગાંધીનગર.

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ